**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૬ ટકા

# હાઈપર ડાયાબીટીસનો ભોગ બનેલા યુવાનનો આપઘાત

**૩૦ વર્ષિય યુવાનને દિવસમાં બે વાર જાતે ઈન્સ્યુલીન લેવા પડતા હતા : સે-૨૩ પેટ્રોલ પંપ સામે ઝેરી દવા ગટગટાવી જી.ઈ.બી.ના યુવાને અંતિમ પગલુ ભર્યું**

ગાંધીનગર, તા.૧૩

જી.ઈ.બી. કોલોનીમાં રહેતા અને સેકટર-૨૩ પેટ્રોલ પંપ ખાતે નોકરી કરતા ૩૦ વર્ષિય અપરણિત યુવાનો હાઈપર ડાયાબીટીસની બિમારીથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલા આ યુવાનનું બીજા જ દિવસે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. સેકટર-૨૧ પોલીસે અકસ્માત મોંતનો ગુનોં નોંધી મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ જી.ઈ.બી. કોલોનીમાં રહેતા અને હેલ્પર તરીકે જી.ઈ.બી.માં નોકરી કરતા બળવંતસિંહ વાઘેલાના દિકરા ગજેન્દ્રસિંહે બિમારીથી કંટાળી આપઘાત કરી લીધો હતો.ગજેન્દ્રસિંહ ૧૧ વર્ષની ઉંમરના હતા ત્યારથી હાઈપર ડાયાબીટીસ રહેતો હતો. છેલ્લા ૧૯ વર્ષથી ડાયાબીટીસ રોગથી પિડાતા ગજેન્દ્રસિંહ કંટાળી ગયા હતા. દિવસમાં બે વાર તો ડાયાબીટીસ કંટ્રોલ કરવાના ઈન્સ્યુલીન જાતે લેવા પડતા હતા. ગજેન્દ્રસિંહ ઘ-૫ સ્થિત સેકટર-૨૩માં આવેલ પેટ્રોલ પંપ નોકરી કરતા હતા. ગત તા.૧૦ મી ના રોજ નોકરીમાં રજા રાખી હતી અને તે સાંજે જ પેટ્રોલ પંપ સામે ગુરુકુલ સ્કુલની દિવાલની પાસે જઈ ગજેન્દ્રસિંહે પાણીમાં ઝેરી દવાનો પાવડર નાંખી તે ઝેરી પાણી ગટગટાવી લીધુ હતું. શરીરમાં ભયંકર બળતરા શરુ થઈ જતા તેણે તેના મિત્રને ફોન કરી તાત્કાલીક બોલાવ્યો હતો. તેનો મિત્ર બનાવ સ્થળે આવી ગયો હતો અને બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો. ગજેન્દ્રસિંહની તબિયત અત્યંત નાજુક જણાતા તેને તાત્કાલીક અમદાવાદ સિવિલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જયા બીજા દિવસે સાંજના સુમારે ગજેન્દ્રસિંહે અંતિમ શ્વાસ લીધા હતા. ઘટનાની જાણ સેકટર-૨૧ પોલીસને થતા જમાદાર વાસુભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પીએમ કરાવી ગુનાની વધુ તપાસ હાથ ધરી છે.

## સફાઈ કર્મીઓને છુટ્ટા કરવાના કિસ્સામાં ઉચ્ચ અધિકારીઓને હાઈકોર્ટનું ફરમાન

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા ૩૦૦ કર્મચારીઓને ગત્ તા.૩૧-૭-૧૬ના રોજ કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા કે જાણ કર્યા વિના કોર્પોરેશનના તંત્ર દ્વારા છુટ્ટા કરી દેવામાં આવ્યા છે. આજ દિન સુધી સફાઈ કર્મચારીઓને ન્યાય મળેલ નથી. જે કિસ્સામાં આગામી તા. ૨૧-૧૧-૧૭ના રોજ ઉચ્ચ અધિકારીઓને હાજર રહેવા હાઈ કોર્ટે આદેશ કર્યો છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા ૩૦૦ કર્મચારીઓને કોર્પોરેશનના તંત્ર દ્વારા નોટીસ કે આગોતરી જાણ કર્યા વિના છુટ્ટા કરી દેવાયા હતા. આ કર્મચારીઓએ અહીંસાના માર્ગે અનેકવાર આંદોલન તેમજ લેખિત રજુઆત લાગતા વળગતા તંત્રને કરી હતી. તેમ છતા સફાઈ કર્મચારીઓનો કોઈ નિવેડો આવ્યો ન હતો. ગત્ તા.૧૨-૧૦-૧૭થી ૨૫-૧૦-૧૭ સુધી કામદારોની હડતાલ ચાલી હતી તે દરમિયાન તેઓ મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ અને ડે. મ્યું. કમિશનર જે.બી. બારેયાને મળ્યા હતા અને એક બેઠક પણ યોજી હતી. પરંતુ તેમાં કોઈપણ પ્રકારનો સંતોષકારક જવાબ મળ્યો નથી કે નિર્ણય લેવામાં આવ્યો ન હતો. ૩૦૦ કર્મચારીઓમાંથી ૧૫ સફાઈ કામદારોએ ન્યાય માટે હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જે સંદર્ભે આગામી તા.૨૧-૧૧-૧૭ ના રોજ જિલ્લા કલેકટર, મનપા કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓને હાજર રહેવા હાઈ કોર્ટે આદેશ કર્યો છે તેમ ગુજરાત સફાઈ કર્મચારી આંદોલન સમિતિના કન્વીનર વિનુભાઈ ઝાંપડીયાએ જણાવ્યુ છે.



કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા જીલુભા ધાધલની દિકરી મયુરીનો ૧૮મો જન્મદિવસ સતત ચોથા વર્ષે મુકિતધામ (સ્મશાન) સે-૩૦ ખાતે સ્ટાફ અને કુટુંબ સાથે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. મુકિતધામ સ્ટાફના બાળકોને નાસ્તાના ડબ્બા-આઈસ્ક્રીમ અને સર્વે સ્ટાફ તથા વિશાળ મહિલા ગ્રુપે મુકિતધામ ખાતે ભોજન લઈ ઉજવણી કરી શિવ મંદિર ખાતે પુજા અર્ચના કરી હતી.

## તપોવન સર્કલ પાસે કારની અડફેટે મહિલાનું મોત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર તપોવન સર્કલ પાસે આવેલ મંદિર ખાતે અમદાવાદથી કોકીલાબેન નિતીનભાઈ શાહ તેમજ નીતાબેન દિપકભાઈ શાહ મંદિરે દર્શનાર્થે આવ્યા હતા. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ આજે બપોરે ૧૨.૪૫ કલાકે દર્શન કરીને પરત ફરતા સમયે માર્ગ ઓળંગતી વખતે પુર ઝડપે આવી રહેલી ફોર્ડ ફીગો કાર નં-જી.જે.૦૧. આર.એ.-૧૨૧૯ના ચાલકે બંન્ને મહિલાઓને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટનાસ્થળે જ કોકીલાબેન નિતિનભાઈ શાહ ઉ.વ.૫૮ રહે. સાબરમતિનુ મૃત્યુ નિપજયુ હતું. જયારે નીતાબેન દિપકભાઈ શાહને શરીરને ઈજાઓ પહોંચતા તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. અકસ્માત સર્જાતા મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે દિનેશભાઈ શાહની ફરિયાદને પગલે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઝાડા ઉલ્ટીના ૧૮ અને મેલેરિયાના ૨૨ કેસ નોંધાતા તંત્ર સતર્ક થઈ જવા પામ્યું છે. શહેરમાં ઠંડીમાં વધારા સાથે મચ્છરનો ઉપદ્રવ પણ યથાવત હોવાથી હવે ઋતુજન્ય બિમારીઓ વરવું સ્વરૂપ ધારણ કરવા તરફ આગળ વધી રહી હોવાનું જણાય છે.

● શહેરમાં અનેક આંતરિક માર્ગો પર રોડ પેવરીંગનું કાર્ય ચાલી રહ્યું છે. જેને ચુંટણીઓને અનુલક્ષીને વેગવંતુ બનાવી દેવાયું છે. ચુંટણીપંચ દ્વારા લાગુ પડાયેલી આચારસંહિતા અનુસાર અગાઉથી મંજુર થયેલા અને ચાલુ થઈ ગયેલા કામો પર રોક લાગતી ના હોવાથી તે બાબતનો ફાયદો સત્તા પક્ષ ઉઠાવવા પ્રયત્ન કરી રહેલો જણાય છે.

● શહેરની કોલેજોમાં પરીક્ષાઓની તારીખો જાહેર થઈ ગઈ છે. આગામી તા. ૧૮મીથી ચાલુ થઈ રહેલી પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ તૈયારીઓમાં લાગ્યા છે.

# દર રવિવારે જરૂરિયાતમંદોને પૌષ્ટિક ખિચડી વિતરણનું સેવાકાર્ય

**સે-૨૫ જીઆઈડીસી સ્થિત જોગણી માતાના મંદિરેથી દર રવિવારે ૨૦૦થી વધુ વ્યકિતઓ માટે ખિચડી પ્રસાદ બનાવી ઝુંપડપટ્ટીઓમાં રૂબરૂ જઈ વિતરણ કરાય છે**

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં જ ખિચડીને ભારતનો રાષ્ટ્રીય ખોરાક તરીકે જાહેર કરવામાં આવી છે. ગરીબથી માંડીને તવંગરની ભૂખ ભાંગવા માટે મનગમતી પસંદ એવી ખિચડી માત્ર ઘરમાં નહિ ફાઈવ સ્ટાર હોટેલ્સના મેનુમાં પણ સ્થાન પામી છે. વળી, જયાં પણ ધાર્મિક સદાવ્રત ચાલતા હોય છે તેમાં ખિચડી પ્રસાદ તરીકે પીરસવાનો શિરસ્તો પણ જોવા મળે છે. ગાંધીનગરના સેકટર-૨૫ની ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી વિસ્તારમાં પાઠયપુસ્તક મંડળના ગોડાઉન સામે સ્થિત આશરે બે સદી પુરાણા જોગણી માતાના મંદિરેથી છેલ્લા એક વર્ષથી દર રવિવારે ગરીબો માટે ખિચડી પ્રસાદ બનાવવાનું આયોજન કરવામાં આવે છે. જેનું શહેરના જરૂરિયાતમંદ વર્ગના વિસ્તારોમાં



સ્વયંસેવકો દ્વારા રૂબરૂ જઈ વિતરણ કરવામાં આવે છે.

શહેરના સેકટર-૨૪, સેકટર-૨૭ સહિતના વિસ્તારની ઝુંપડપટ્ટીઓમાં રહેતા આશરે બસ્સોથી વધુ જરૂરિયાતમંદોને દર રવિવારે ચોખ્ખા ઘી અને તાજા શાકભાજી સાથે બનાવાયેલી મગની દાળ અને ચોખાની પૌષ્ટિક ખીચડી થકી તેમનો જઠરાગ્નિ ઠારવા પ્રયાસ કરાય છે. આ ખિચડી પ્રસાદ સ્વયંસેવકો દ્વારા રૂબરૂ જઈ જરૂરિયાતમંદોને પહોંચાડવામાં આવે છે. વળી, આપણી પૌરાણિક પરંપરા અનુસાર જયારે મંદિરના આંગણામાં ખિચડી બનાવવામાં આવે છે ત્યારે તે તૈયાર થયા બાદ તેમાંથી પહેલા શ્વાન અને વાનરો માટનો ભાગ કાઢી લેવાય છે જેનું વિતરણ મંદિરની નજીકના વિસ્તારમાં કરવામાં આવે છે. દર રવિવારે સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમિયાન ખિચડી બનાવવામાં આવે છે અને ત્યારબાદ તેનું વિતરણ કરાય છે. ગત વર્ષે ૨૦૧૬માં તા. ૨૫મી ડિસેમ્બરથી પ્રારંભ થયેલ આ સેવાકાર્ય અત્યાર સુધી વણથંભ્યુ ચાલ્યુ આવ્યું છે. આ સેવા કાર્યમાં વપરાતા તમામ વાસણો, અનાજ, ઘી, શાકભાજી, મસાલા બધુ જ દાતાઓ દ્વારા દાનમાં પ્રાપ્ત થઈ રહ્યું છે. એટલું જ નહી પરંતુ ખિચડીના વિતરણ માટે પણ સેવાભાવી યુવાન દ્વારા વાહનની સગવડ નિયમિત કરવામાં આવે છે. દિવસે દિવસે આ સેવાયજ્ઞમાં વધુને વધુ સ્વયંસેવકો જોડાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરમાં બનતી આ પૌષ્ટિક ખિચડી ઝુંપડપટ્ટીમાં રહેતા કુપોષિત બાળકો માટે પોષણ પુરું પાડવાની ખરા અર્થમાં સેવા થવા પામી રહી છે. જોગણી માતાના મંદિરેથી ખિચડી ઉપરાંત અબોલ પંખીઓ માટે જારનું ચણ નિયમિત નીરવાની પણ સેવા અવિરતપણે કરવામાં આવી રહી છે.

### મહંત નિર્મોહી મોહનદાસજીના સાંનિધ્યમાં સેવાકાર્ય

સેકટર-૨૫માં મધુર ડેરીની બાજુમાં પાઠય પુસ્તક મંડળના ગોડાઉન સામે આવેલું આશરે બે સદી જુના જોગણી માતાના મંદિરે મહંત ગોવિંદદાસજીના શિષ્યએ ગાદી સંભાળી હતી. જે નિર્મોહી અખાડાના હતા અને ૧૪ વર્ષ ફળાહારનું વ્રત-તપ કર્યું હતું. આજે મહંત નિર્મોહી મોહનદાસજીના સાંનિધ્યમાં આ મંદિરેથી ખિચડી પ્રસાદનું સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે. અહીં છેલ્લા ૬૦ વર્ષથી અખંડ જયોત પણ પ્રજવલ્લિત છે.

## સે-૫માં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાથી વસાહતીઓને હેરાનગતિ

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૫ના રીંગ રોડ તથા વસાહતની આંતરિક સ્ટ્રીટલાઈટો, કોમન પ્લોટમાં તથા રસ્તાઓ પર લાઈટો ઘણા સમયથી બંધ રહેલ છે. અવાર નવાર સંબંધિત અધિકારી/ ટોરેન્ટ કંપની, કોન્ટ્રાકટરને રજુઆતો મૌખિક તથા લેખિત કરેલ છે. પરંતુ મગર ચામડીના અધિકારીઓને કોઈ અસર થતી નથી. સંતોષકારક જવાબો આપતા નથી. સ્ટ્રીટલાઈટો ચાલુ કરતા નથી. ૬ માસથી આ પરિસ્થિતિ છે. રીંગ રોડ તથા આંતરિક રસ્તાઓમાં પેવરકામ ચાલુ છે. ભારે વાહનોને કારણે રોડ ઉપર ગાબડા પડલે છે. જેમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા વસાહતીઓને ભારે હેરાનગતિ ભોગવવી પડે છે આ અંગે વસાહત મંડળ સે-૫ના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ ઉગ્ર રજુઆત કરેલ છે.

# વિધવા કર્મચારીને લોન સાથે વણજોઈતો મકાનનો વિમો પધરાવ્યો..!!

**બેંકની મહિલા એજન્ટે લોનના પેપર્સ સાથે વિમાનું ફોર્મ પણ સહી કરાવી છેતરપિંડી કરી : લોનની રકમ પણ જરૂરિયાત કરતા વધુ કરાવી અરજદારને દેવામાં ધકેલી**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં એક વિધવા સરકારી કર્મચારીને લોન અપાવવા સાથે વણજોઈતો મકાનનો વિમો પધરાવી દેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બેંકની મહિલા એજન્ટ દ્વારા લોન અપાવવાના બદલામાં યાચિકા કર્તાની જાણ બહાર વિમો ઉતારી લેવાની ઘટનાઓ આવા ઠગ એજન્ટોથી નાગરિકોને સાવધ રહેવાની શીખ મળી રહી છે.

એજન્ટ દ્વારા ઠગાઈનો ભોગ બનેલી વિધવા સરકારી કર્મચારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે તેઓ ઉદ્યોગભવન ખાતેની એસબીઆઈની શાખામાં લોન માટે ગયા હતા ત્યારે તેમનો ભેટો આ મહિલા એજન્ટ સાથે થયો હતો અને તેમણે સરળતાથી લોન અપાવવાની લાલચ આપી એસબીઆઈની ઈન્ફોસીટી બ્રાન્ચમાંથી લોન અપાવી હતી. આ સમય દરમિયાન તેમણે અરજદાર પાસે લોનના ફોર્મ ભરાવ્યા ત્યારે 'હું ઉતાવળમાં છું, બહુ કામ છે માટે જલ્દી કરો' કહી વિમાના ફોર્મ પર પણ જાણ બહાર સહી કરાવી લીધી હતી. વળી લોનની રકમ પણ જરૂરિયાત કરતા વધુ કરાવી અરજદારને વધુ દેવામાં ઉતારી દેવાનું કામ કર્યું હતું. જયારે લોન રિલીઝ થઈ ત્યારે મહિલા અરજદારને તેની સાથે થયેલ છેતરપીંડીની ખબર પડી પછી તેમણે એજન્ટનો સંપર્ક સાધવા કોશિષ કરી પણ તેણે તે બાબતે હાથ ઉંચા કરી દેતા આ વિધવા કર્મચારીની હાલત કફોડી થવા પામી છે. આ સાથે અરજદારે બેંકનો પણ સંપર્ક કર્યો પરંતુ બેંક દ્વારા પણ કોઈ જ સંતોષકારક પ્રત્યુત્તર આપવામાં આવતો નથી તેવું જણાવતા આવા લેભાગુ એજન્ટોથી નાગરિકોએ સાવધ રહેવા અનુરોધ કર્યો છે.

## શાહપુર સર્કલ પાસેથી બે પીધેલા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ચુંટણીના પગલે સમગ્ર પોલિસ તંત્ર દ્વારા હાલમાં ઘણી મોટી માત્રામાં દારૂ પકડવામાં આવ્યો છે તથા બુટલેગરોને પકડવા પણ કવાયત હાથ ધરી છે ત્યારે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ શાહપુર સર્કલ ખાતે રાત્રીના સુમારે ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન રાત્રીના ૨.૪૫ કલાકના સુમારે બજાજ ડીસ્કવર બાઈક લઈને નીકળેલા બે યુવાનોને ઉભા રાખીને પુછપરછ કરતા તેઓ પીધેલા જણાયા હતા. બંન્ને યુવકોને પુછતા તેઓએ સરગાસણ વિસ્તારમાં રહેતા હોવાનું જણાવ્યું હતું. ઈન્ફોસીટી પોલીસે બંન્ને યુવકો સામે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રી છોત્તેર ગોળ દરજી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં વસતા શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજના કુટુંબોનો વાર્ષિક મિલન સમારંભ તા. ૧૨-૧૧-૨૦૧૭ને રવિવાર બપોરે ૧.૩૦ કલાકે સે-૨૩ની લગ્નવાડીમાં યોજાઈ ગયો. જેમાં દાતા દરજી નીલેશભાઈ રમણલાલ (દો. વાસણાવાળા ) તરફથી બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. જેમાં ૭૫ બાળકોએ ભાગ લીધો હતો તથા બાળકોને ૪૫ સ્પર્ધાત્મક ઈનામો આપવામાં આવ્યા હતા. ઈનામ વિતરણ ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સે-૨૪ના કોર્પોરેટર દરજી પ્રવણાબેન કનુભાઈ તથા પ્રમુખ પરમાર મહેન્દ્રકુમાર વસંતલાલના હસ્તે યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે ભોજન લઈ બધા છુટા પડયા હતા.

# જિલ્લાની શાળાઓમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો

**રેલીઓ-રંગોળી ચિત્ર સ્પર્ધા, મહેંદી હરિફાઈ-શેરી નાટક-રંગલા રંગલીના કાર્યક્રમો સૂત્રો- નિબંધ સ્પર્ધા અને વકૃતત્વ સ્પર્ધાના કાર્યક્રમોનું આયોજન**









ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાની શાળાઓના બાળકો દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે અનેક કાર્યક્રમોના આયોજન દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓ અનેરા ઉત્સાહ સાથે ભાગ લઈ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

તા. ૧૩ થી ૧૮ નવેમ્બર-૧૭ દરમ્યાન શાળાઓના વાલીઓનો સંપર્ક કરી મતદાન જાગૃતિનો સંદેશો પહોંચાડવો, ગામ – શહેરના વયોવૃધ્ધ મતદાતા/ દિવ્યાંગ મતદાતા, યુવા મતદાતાને શાળાની પ્રાર્થના સભામાં બોલાવી સન્માન કરી મતદાન જાગૃતિનો સંદેશ પહોચાડવામાં આવે છે. તા. ૨૦ થી ૨૫ નવેમ્બર- ૨૦૧૭ દરમ્યાન શેરી નાટક- રંગલા-રંગલીના પાત્ર દ્વારા મતદાતા જાગૃતિમાં ૧૦૦ ટકા મતદાન માટે સહી ઝુંબેશ તથા તા. ૨૭મી નવેમ્બર થી તા.૩ ડિસેમ્બર દરમ્યાન ગામ-શહેરના જાહેર સ્થળો પર મતદાન જાગૃતિને લગતા સુત્રો – શ્લોગન લખવા તથા તા. ૦૪ થી ૧૧ ડિસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન નિબંધ સ્પર્ધા – વકતૃત્વ સ્પર્ધા અને રેલીઓના કાર્યક્રમોનું આયોજન દ્વારા વધુ મતદાન થાય તે માટે જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના સ્વીપ પ્લાનના નોડલ અધિકારી શ્રી એસ.એમ. બારડે જણાવ્યું છે કે, દહેગામ-માણસા, કલોલ અને ગાંધીનગર જિલ્લાની શાળાઓ દ્વારા સંકલ્પ પત્રનું વાલીઓને વિતરણ કરી અવશ્ય મતદાન કરવા સહી ઝુંબેશના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

### અવસાન નોંધ

સ્વ. કેતન કાન્તિલાલ ઉપાધ્યાયનું બેસણું ઈ-૭૦૪ પૂર્ણમ રેસીડેન્સી, શ્રીફલ હાઈટસની બાજુમાં, પોર-કુડાસણ રોડ ખાતે સાંજે પથી ૭ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. વ્યાસ રશ્મીબેન હિતેન્દ્ર, ઉ.વ. ૪૧
- સ્વ. લવીંગીયા નટવરલાલ તુલસીદાસ, ઉ.વ. ૭૦
- સ્વ. પ્રજાપતિ રણછોડભાઈ પુંજીરામ, ઉ.વ. ૯૦